# બોરવેલમાં પડી ગયેલ દોઢ વર્ષના બાળકનું મૃત્યુ

## વહેલી પરોઢે મૃતદેહ બહાર કઢાઈ રહ્યો હતો ત્યારે હાથ સિવાયના અંગો જુદા પડી ગયા : પ્રયાસો નિષ્ફળ જતા સવારે બાળકને મૃત જાહેર કરાયો



હિંમતનગર, તા. ૨

હિંમતનગર તાલુકાના ઈલોલ ગામે બોરવેલમાં પડી ગયેલા દોઢ વર્ષના માસુમ બાળકને બચાવવા માટે સોમવારે આખી રાત માથે લઈને વહીવટીતંત્રએ કરેલા પ્રયાસ સફળ ન થતા આખરે મંગળવારે વહેલી સવારે વહીવટીતંત્રએ નિરાશવદને રાહુલનો મૃત જાહેર કરીનો પરીવારજનોને હિંમત આપીને અધિકારીઓએ રડમશ અવાજે મૃતકને અંજલી આપી હતી. તો બીજી તરફ એવુ મનાય છે કે બોરવેલમાં પડેલા રાહુલને જરૂરી ઓક્સિજન ન મળવાને કારણે તે બે કલાક સુધી મોત સામે લડીને નિસ્પ્રાણ બની ગયો હતો. અને મંગળવારે પરીવારજનોએ ધાર્મિક વિધિ સંપન્ન કરી હતી.

આ અંગેની વિગત એવી છે કે ઈલોલ ગામે મહેરપુરા રોડ પર આવેલા મકબુલભાઈ રફીકભાઈ વિજાપુરાના બોરકૂવા પર પાંચ વર્ષથી ભાગીયા તરીકે કામ કરતા કમલેશભાઈ ભુરાભાઈ બામણીયા તેઓના પરીવાર સાથે ભાગીયા તરીકે રહીને ખેતીકામ કરતા હતા. દરમ્યાન સોમવારે સાંજે કમલેશભાઈ કામઅર્થે ગામમાં ગયા હતા ત્યારે તેમના બાળકો ઓરડીની બહાર રમતા હતા ત્યારે અચાનક દોઢ વર્ષનો રાહુલ ખુલ્લા બોરવેલમાં સીધા માથે પડી જતા બાકીના બાળકોએ તરત જ દોડીને પોતાની માતાને કહ્યુ હતુ. અને તેમણે ગામમાં જાણ કરતા લોકો દોડી આવ્યા હતા.

જે આધારે હિંમતનગર ફાયરબ્રિગેડ તથા અન્ય વિભાગના અધિકારીઓ ઈલોલ દોડી આવ્યા હતા અને તરત જ રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરી દેવામાં આવ્યુ હતુ. ત્યારે આ બાળક આઠ ઈંચનો વ્યાસ ધરાવતા બોરવેલની પાઈપમાં ૮૦ ફૂડ ઊંડે ઉતરી ગયો હતો. જેથી તરત જ તેને બચાવી લેવા માટે ઉપરથી પાઈપ વડે બોરમાં ઓક્સિજન છોડવાનું શરૂ કરી દેવામાં આવ્યુ હતુ. દરમ્યાન વિજ્ઞાનના નિયમ પ્રમાણે જમીન પરથી ઊંચે જઈએ તેમ પ્રાણવાયુ ઓછો અને નાઈટ્રોજન વાતાવરણમાં ઓછો થાય છે તેમ જમીનમાં જેમ ઊંડે જઈએ ત્યારે પણ આ સ્થિતિ સર્જાતી હોવાને કારણે શરીરને પુરતા પ્રમાણમાં પ્રાણવાયું ન મળતા તે વ્યક્તિ લાંબો સમય જીવીત રહી શકતો નથી તેથી રાહુલના કોસમાં પણ આવુ થયુ હોય તેમ તે બે કલાક સુધી મોતની સામે ઝઝુમીને થાકીને આખરે પ્રભુને પ્યારો થઈ ગયો હોય તેમ માનવું રહ્યું.

તો બીજી તરફ દોઢ વર્ષના રાહુલને બચાવવા માટે અમદાવાદ તથા હિંમતનગરની ફાયરબ્રિગેડની ટીમે આખી રાત ૫૦થી વધુ વખત વિવિધ પદ્ધતીઓ અને ટેકનીકને સહારે રાહુલને ૮૦ ફૂટ ઊંડેથી રસ્સા અને ગાળીયાની મદદથી તેનો હાથ પકડીને સવારે ૫.૩૦ વાગે બહાર લવાઈ રહ્યુ હતો ત્યારે અચાનક તેના હાથ સિવાયના બાકીના અંગો પાછા બોરવેલમાં પડી જતા બચાવ ટુકડીએ થાકીને ઉપસ્થિત અધિકારીઓને જાણ કર્યા બાદ આ અધિકારીઓએ જિલ્લા કલેક્ટરને જાણ કરી હતી. અને સવારે ૬ વાગે રાહુલને મૃત જાહેર કરવાનો નિર્ણય લઈને તેના પરીવારજનોને કહેવામાં આવ્યું હતું.

બચાવ કામગીરી ચાલતી હતી ત્યારે સોમવારે વહેલી સવારે બચાવ કામગીરી માટે આવેલ એન.ડી.આર.એફ.ની ટીમના અધિકારીઓએ પણ હવે કશુ થઈ શકે તેમ નથી તેમ જણાવતા તંત્રએ દુ:ખદ નિર્ણય જાહેર કર્યો હતો. આખી રાત ચાલેતા રેસ્ક્યુ ઓપરેશનને કારણે થાકી ગયેલા અધિકારીઓએ માનવતા ખાતર ઘડીયાળ જોયા વિના ૧૭ કલાકથી વધુ ખડે પગે હાજર રહીને સેવા આપી હતી. પરંતુ ધાર્યુ તો ઉપરવાળાનું થતું હોય તેમ તંત્રના તમામ પ્રયાસો નિષ્ફળ રહ્યા હતા.



### મૃતકના પરીવારને સહાય અપાઈ

ઈલોલમાં ખુલ્લા બોરવેલમાં સોમવારે સાંજે અચાનક પડી ગયેલા દોઢ વર્ષના રાહુલે ૮૦ ફૂટ ઊંડે જળસમાધી લઈ લીધી છે ત્યારે માનવતા ખાતર ખેતરના માલિકે મૃતક રાહુલના પરીવારને રૂ. ૧.૭૦ લાખની સહાય આપી હોવાનું આધારભુત સુત્રોમાંથી જાણવા મળ્યું છે.

### મૃતકના પિતાએ પોલીસને જાણ કરી

ઈલોલ ખાતે આવેલ બોરવેલમાં રમતા રમતા પડી ગયેલા દોઢ વર્ષના રાહુલનું ગુંગળામણને કારણે પ્રભુને પ્યારા થઈ ગયેલા રાહુલના પિતા કમલેશભાઈ ભુરાભાઈ બામણીયા (મુળ રહે. નાના સલરા, તા. ફતેપુર, જિ. દાહોદ)એ મંગળવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં અકસ્માતે મોતનો ગુનો નોંધાવ્યો હતો.

### પરીવારે ધાર્મિક વિધિ કરી

મંગળવારે સવારે તંત્રએ રાહુલને મૃત જાહેર કર્યા બાદ ખેતરમાલિક, અધિકારીઓ તથા ગામના આગેવાનોએ કમલેશભાઈ બામણીયા સાથે વાતચીત કરીને અહીજ રાહુલની ધાર્મિક વિધિ કરવા માટે કરેલી સમજાવટ બાદ પરીવારજનોએ ધુપ અગરબત્તીના સહારે બોરવેલમાં માટી ભરીને રાહુલને કાયમી સમાધી આપી હતી.

### અગાઉ આવી બે ઘટના બની હતી

વર્ષ ૨૦૧૯માં ધનસુરા તાલુકાના વડાગામ નજીક આવેલ આકરૂંદ રોડ પર આવેલ એક ખુલ્લા બોરવેલમાં એક બાળક પડી ગયુ હતુ. તથા વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૦ સાબરકાંઠાના જિલ્લા પોલીસવડા તરીકે સફળ કામગીરી કરનાર આર.બી. બ્રહ્મભટ્ટના કાર્યકાળ દરમ્યાન હિંમતનગર તાલુકાના રૂપાલ ગામની સીમમાં પણ આવો બનાવ બન્યો હતો. ત્યારે વહીવટીતંત્રએ આ બંનેને બોરવેલમાંથી મૃત હાલતમાં બહાર કાઢવામાં આવ્યા હતા. કમનસીબે ઈલોલની ઘટનામાં બાળકને બોરવેલમાં દફન કરવુ પડે તેમ હતુ. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૦૩માં મહેસાણા જિલ્લાના નંદાસણ નજીક આવીજ ઘટના બની હતી. જ્યાં પણ બાળકની બોરમાં દફનવિધી કરવામાં આવી હતી.

### પથરાળ જમીનને લીધે જેસીબી કામ ન લાગ્યું

હિંમતનગર તાલુકાના ઈલોલ, મહેરપુરા, પાણપુર સહીતના અન્ય વિસ્તારોમાં આવેલી જમીનમાં સપાટીથી અંદાજે પાંચ ફૂટ નીચેથી પથ્થર આવી જતો હોવાને કારણે બોરવેલમાં પડી ગયેલા રાહુલને બચાવવા માટેના પ્રયાસો તથા જેસીબીની તાકાત પણ નાકામિયાબ રહી હતી.

### હૈદ્રાબાદની ટીમ પાસે અદ્યતન સાધનો છે

કુદરતી હોનારત કે અન્ય માનવસર્જિત ઘટનાઓ બને ત્યારે સરકારે બનાવેલી નેશનલ ડિઝાસ્ટર રેસ્ક્યુ ફોજમાં ફરજ બજાવતા જવાનો પાસે કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવાની તાકાત તથા અદ્યતન સાધનો હોય છે ત્યારે દેશમાં હૈદ્રાબાદની ટીમ પાસે છે. ત્યારે ઈલોલમાં બનેલી ઘટનામાં આ ટીમની મદદ લેવાનું એક તબક્કે વિચારાયુ હતુ. પરંતુ સમય તથા અન્ય કેટલીક મર્યાદાઓને લીધે આ વિચાર પડતો મુકવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

### હવે તંત્ર શું કરી શકશે

વર્ષ ૨૦૧૦માં જ્યારે સાબરકાંઠાના કલેક્ટર તરીકે ફરજ બજાવતા એમ. થેન્નારસનના કાર્યકાળ દરમ્યાન જિલ્લામાં આવેલા ખુલ્લા બોરવેલ અંગે જાણકારી મેળવવા માટે સંલગ્ન વિભાગોને કામગીરી સોંપવામાં આવી હતી. પરંતુ તે અત્યારે ભુલાઈ ગઈ હોય તેમ લાગે છે. અને સરકારને ચોપડે જિલ્લામાં કેટલા ખુલ્લા બોરવેલ આવેલા છે તે અંગે કોઈ જાણકારી નથી. ત્યારે જાગ્યા ત્યાંથી સવાર એમ સમજી વહીવટીતંત્રએ આ દિશામાં કામગીરી કરવી જોઈએ.

# ભિલોડામાં ટોળાએ ભારે બુમરાણ મચાવી દુકાનો બંધ કરાવી

ભિલોડા,તા.૨

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે ગત રોજ સમી સાંજે યુવાનોના ટોળાએ ભારે બુમરાણ મચાવી બજારમાં હોબાળો મચાવ્યો હતો.બળજબરીથી એકાએક દુકાનો બંધ કરાવી હતી.પોલીસની જીપ ઉપર છુટા પથ્થરો મારી ખુલ્લેઆમ રોફ જમાવતા પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો હતો.પોલીસએ તાબડતોબ ૬ યુવાનોને ઝડપી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ભિલોડા પોલીસ સ્ટેશન સબ ઈન્સ્પેક્ટર એમ.આર. સંગાડા, ટાઉન હેડ કોન્સ્ટેબલ મુકેશભાઈ પ્રજાપતીના જણાવ્યા મુજબ યુવાનોના ટોળાએ તેમનો ઈરાદો પાર પાડવા માટે ગેરકાયદેસર રીતે મંડળી રચી અલગ-અલગ મોટર સાયકલો પર બેસી લાકડીઓ,ધોકા જેવા હથીયારો ધારણ કરી જોરશોરથી કિકીયારીઓ પાડી બુમરાણ મચાવી હોબાળો કર્યો હતો. માર્ગો ઉપર અવરજવર કરતા વાહન ચાલકોને છુટા પથ્થરો માર્યા હતા.




હિંમતનગર તાલુકાના ઢુંઢર ગામની ૧૪ મહિનાની માસુમ બાળકી પર પરપ્રાંતિય શ્રમજીવી યુવાને દુષ્કર્મ આચર્યુ હોવાના કારણે ગુજરાત રાજ્ય બહારના ઈસમોને કાઢી મુંકવા છે તેવી બુમરાણ મચાવી હતી.પરપ્રાંતિય રાજયના કોઈ એકલ-દોકલ વ્યક્તિઓ મળે તો જાનથી પતાવી દેવા છે તેવું કહી ભિલોડા તાલુકા મથક ખાતે આવેલ બજારમાં ભય પેદા કરવા માટે છુટા પથ્થરો મારી બળજબરીથી ગત રોજ સમી સાંજે ટપોટપ વેપારીઓની દુકાનો બંધ કરાવી હતી. લોકોના ટોળાએ લાકડીઓ,ધોકાઓ બંધ દુકાનોના શટર પર મારતા હતા. પોલીસના જીપ પર પથ્થરો મારી નુકસાન પહોંચાડ્યું હતું. પોલીસ ધ્વારા સઘન પેટ્રોલીંગ હાથ ધરાયું હતું તે દરમ્યાન ૬ યુવાનો ઝડપાયા હતા. યુવાનોના ટોળાએ ગેરકાયદેસર મંડળી રચી સામેલ અન્ય ૧૪ યુવાનો પલાયન થઈ ગયા હતા.જીલ્લા મેજી.ના જાહેરનામાનો ભંગ કરી અંજપાભરી સ્થિતીનું નિર્માણ કર્યુ હતું.

આરોપીઓ (૧) પંકજકુમાર જીવાજી ડામોર, રહે.ઓડ, તા.ભિલોડા (૨) મુકેશભાઈ દેવજીભાઈ ડામોર, રહે. વિરપુર, તા.ભિલોડા (૩) સંજયકુમાર જીવાજી ડામોર, રહે. શામળપુર, તા.ભિલોડા (૪) મયુરકુમાર લક્ષ્મણભાઈ બરંડા, રહે.ભિલોડા (૫) ભાવેશભાઈ બાબુભાઈ વરસાત, રહે.પાદરા, તા.ભિલોડા (૬) ઉમેશભાઈ પ્રવિણભાઈ ભગોરા, રહે.કણાદર, તા.વિજયનગર સહિત ૧૪ અજાણ્યા ઈસમોના નામ જાણવા મળેલ નથી. ભિલોડા પોલીસએ રાત્રે પેટ્રોલીંગ દરમ્યાન ૬ યુવાનોની ધરપકડ કરી જેલના હવાલે કર્યા હતા. પોલીસએ યુવાનોના ટોળા વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પ્રાંતિજ ખાતે કેન્ડલ માર્ચ રેલી યોજાઈ

## હિન્દુ મુસ્લિમ સમાજના લોકો મોટી સંખ્યામાં જોડાયા
## બળાત્કારીને ફાંસી આપો, બેટી બચાવોના સુત્રોચ્ચારો યોજાયા
## નાના બાળકો, મહિલાઓ, વૃધ્ધો સાથે કેન્ડલ માર્ચ રેલીમાં જોડાયા

પ્રાંતિજ તા. ૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે હિન્દુ મુસ્લિમ સમાજના લોકો એ ભેગા મળીને હિંમતનગરના ઢુંઢળ ખાતે ૧૪ માસ ની બાળકી સાથે બનેલ ધટના નો વિરોધ કર્યો હતો તો વિવિધ સૂત્રોચ્ચારો સાથે પ્રાંતિજ ખાતે થી બે જગ્યાએ થી કેન્ડલ માર્ચ રેલી યોજાઈ હતી.



સાબરકાંઠા માં ૧૪ વર્ષ ની બાળકી સાથે થયેલ દુષ્કર્મ ના વિરોધમાં પ્રાંતિજ શહેર કોંગ્રેસ, જાયન્ટસ ગૃપ તથા પ્રાંતિજ ખાતે રહેતા હિન્દુ મુસ્લિમ વિવિધ જ્ઞાતિનાં નગરજનો દ્વારા રાત્રી ના સમયે બે જગ્યાએ થી કેન્ડલ માર્ચ રેલી યોજાઈ હતી જેમાં ભાખરીયા બસ સ્ટેન્ડ ખાતે શહેર કોંગ્રેસ સમિતિ, જાયન્ટસ ગૃપ, હિન્દુ મુસ્લિમ સહિતના નાના બાળકો થી લઈને નગરજનો મોટી સંખ્યામાં જોડાઈ કેન્ડલ માર્ચ રેલીયોજી વિરોધ વ્યક્ત કર્યો હતો તો રેલી માં કોંગ્રેસ શહેર પ્રમુખ સમીર શર્મા, નગરપાલિકા કોંગ્રેસ કોર્પોરેટર દિપીબેન બ્રહ્મ ભટ્ટ, જાયન્ટસ પ્રમુખ વજેશભાઈ ભાવસાર સહિત બાળકો, મહિલાઓ, વુધ્ધો નગરના સહિત નગરજનો મોટી સંખ્યામાં જોડાયા હતાં.



રેલીમાં જોડાઈ તો બળાત્કારી ને ફાંસી ની સજા આપો, બેટીબચાવો જેવા સુત્રોચ્ચારો યોજાયા હતાં તો પ્રાંતિજ નાની ભાગોળ ખાતે પણ પટેલ સમાજ ના લોકો દ્વારા બાળકો મહિલાઓ વુધ્ધો મોટી સંખ્યામાં




તલોદની મધ્યે આવેલી પ્રાથમિક શાળા-૧માં ૨ ઓક્ટોબર ગાંધીજયંતિ નિમિત્તે ૧૫૦મી ઉજવણી અનોખી રીતે ઉજવાઈ હતી. શાળાના આચાર્ય ગૌરીબેન સોલંકી અને કમલેશભાઈ શાહ શિક્ષકના માર્ગદર્શન અને નેતૃત્વમાં વહેલી સવારથી સ્વચ્છતા અભિયાન કામગીરી કરી બાપુને કંકુતિલક કરી સુતરની આંટી પહેરાવી ભજન-કિર્તન અને પ્રાર્થનાગીત, દિપ પ્રાગટ્ય કરી વક્તૃત્વ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આજના દિવસે શ્રેષ્ઠ શિક્ષણથી બાળકોને પ્રોત્સાહિત કરી મોં મીઠું પણ કરાવ્યું હતું. રાષ્ટ્રપિતાના જીવનકથા વિશે જાણકારી આપી આજાદીના ઘડવૈયાને યાદ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ શાળા સ્ટાફે અને બાળકોએ બેનરો લઈ તલોદ જાહેર માર્ગો પર પ્રભાતફેરી કરી સૂત્રોચ્ચાર કરતા બાપુ ચાંદ સુરજ રહેગા બાપુ તુમ્હારા નામ રહેગાના નારા સાથે બાપુની પ્રતિમાને નમન કરી જયઘોષના નારા સાથે શાળા દ્વારા અનોખી ઉજવણી કરવામાં આવી હતી.

# મોડાસામાં ગાયત્રી પરિવાર દ્વારા વેબસાઈટનું લોકાર્પણ

અરવલ્લી જીલ્લાના મોડાસા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં સદવિચારો,સત્કાર્યો અને લોકોને વ્યસન મુક્ત બનાવવા ગાયત્રી પરિવાર વર્ષો થી જનજાગૃતિ અભિયાન હેઠળ સતત પ્રયત્નશીલ અને મહદઅંશે સફળ પણ રહ્યું છે મોડાસા શહેરમાં માલપુર રોડ પર ગાયત્રી ચેતના કેન્દ્રનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ નવેમ્બર મહિનામાં યોજાનાર હોવાથી તડામાર તૈયારીઓ હાથધરવામાં આવી છે આધુનિક યુગમાં ગાયત્રી પરિવાર દ્વારા કરાતા સત્કાર્યોની સુવાસ વેબસાઈટના માધ્યમથી જનજન સુધી પહોંચે તેવા ઉમદા હેતુ થી મોડાસા ગાયત્રી પરિવાર દ્વારા વેબસાઈટનું નિર્માણ કરાતા વેબસાઈટ નું લોકાર્પણ મોડાસા નાગરિક બેંકના ચેરમેન કમલેશ ભાઈ પટેલ ના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું વેબસાઈટના લોકાર્પણ પ્રસંગે જણાવ્યું હતું કે મોડાસાને વિશ્વમાં રહેલા ગાયત્રી પરિવાર સાથે જોડવા અને યુવા ભાઈ બહેનોને સદવિચાર અને પ્રેરણા સ્ત્રોત બની રહેશે આ કાર્યક્રમમાં મોડાસા ગાયત્રી પરિવારના અબાલ,વૃદ્ધ સૌકોઈ ઉપસ્થિત રહ્યા હતા.







### પ્રાંતિજ ખાતે ક્ષત્રિય સેના તથા ઠાકોર સેના દ્વારા બજાર બંધ કરાવ્યું

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ક્ષત્રિય સેના તથા ઠાકોર સેના દ્વારા બજાર બંધ કરાવવામાં આવ્યુ. હિંમતનગરના ગાંભોઇ ના ઢુંઢર ગામે દોડ માસ ની બાળકી સાથે પર પાતિય ઈસમ દ્વારા દુષ્કર્મની ધટના ને લઈને લોકો મા રોષ જોવા મલી રહ્યો છે તો પ્રાંતિજ તથા તાલુકામાં રહેતાં ઠોકોર સેના તથા ક્ષત્રિય સેના દ્વારા આજે બપોર પછી પ્રાંતિજ ખાતે બજાર બંધ કરાવવા નિકળ્યાં હતાં તો ભાખરીયા બસ સ્ટેન્ડ, એપ્રોચરોડ, બજારચોક સહિત નુ બજાર બધ કરાવ્યું હતું તો વેપારીઓ દ્વારા પ્રેમથી દુકાનો બંધ કરી સમર્થન આપ્યું.